ગાંધીનગર સમાચાર



# મનપાની ચૂંટણી માટે તંત્ર સંપૂર્ણ સજ્જ

**આચારસંહિતા ભંગની ફરિયાદ મળી નથી : ૨૦મીના સંમેલન માટે હજુ સુધી કોઈએ મંજૂરી માંગી નથી : વોર્ડ નં. ૭-૮માં ઉમેદવાર વધુ હોવાથી બે બેલેટ યુનિટ વપરાશે : મતદાન માટે જાગૃતિ અભિયાન છેડાશે : ૨૦૨ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે : ૧૦૮ ઉમેદવારો મેદાનમાં છે**

ગાંધીનગર, તા. ૧૪ આગામી ૨૪મી એપ્રિલે ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણી માટે તંત્ર સંપૂર્ણ સજ્જ હોવાનું આજે જિલ્લા કલેક્ટર વ મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી રવિશંકરે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે મનપાના ૮ વોર્ડ નવા સીમાંકનમાં નિયત કરાયા છે અને આ માટે ૧૦૮ ઉમેદવારો મેદાનમાં છે. તેમણે જણાવ્યું હતું કે વોર્ડ નં. ૭ અને ૮માં ઉમેદવારોની સંખ્યા વધુ હોવાથી ત્યાં બે બેલેટ યુનિટ ઉપયોગમાં લેવાશે.

ગાંધીનગર શહેરમાં મનપાની ચૂંટણી માટે ૨૦૨ મતદાન મથકો છે. જેમાં વોર્ડ નં. ૧ થી ૪માં ૯૮ અને વોર્ડ નં. ૫ થી ૮માં ૧૦૪ મતદાન મથકો આવેલા છે. શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે સર્વિસ વોટર્સના બેલેટ પેપર રવાના કરી દેવામાં આવ્યા છે. શહેરમાં ૨૧૬ સર્વિસ વોટર્સ નોંધાયેલા છે.

તેમણે જણાવ્યું હતું કે આ ચૂંટણીમાં કુલ ૨૫૯ બેલેટ યુનિટ અને ૨૦૨ કંટ્રોલ યુનિટ ઉપયોગમાં લેવાશે. આ તમૌમનું એફ.એસ.સી. થઈ ચુક્યુ છે. હવે બે જ દિવસમાં તે મતદાન માટે પણ તૈયાર કરી દેવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણી છે જેમાં નોટાનો પણ મતદાર ઉપયોગ કરી શકશે. જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે આ વખતે મતદારોમાં તે અંગેની જાગૃતિ આવે તે માટે આગામી એકાદ દિવસમાં જ દરેક સેક્ટરો અને સોસાયટી વિસ્તારમાં અમારા અધિકારીઓ ઈ.વી.એમ. લઈ જશે, તેમાં મતદાન કેવી રીતે કરવુ તેની જાણકારી આપશે.

૪ મત મતદાર આપી શકે છે પરંતુ તે ફરજીયાત નહિ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નિષ્પક્ષ અને નિર્ભયતાથી મતદાર મતદાન કરી શકે તે માટે તંત્રએ પુરતા પગલાં લીધા છે.

● અનુસંધાન પાન-૭ પર

## મતદાનના દિવસે પાટનગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત

ગાંધીનગર મહાનગર પાલીકાની ચૂંટણી જાહેર થઈ જતા તમામ પક્ષો-અપક્ષો દ્વારા મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવાઈ રહ્યું છે. ત્યારે મતદાનના દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર પાટનગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બે ડીવાયએસપી, ૮ પીઆઈ, ૩૨ પીએસઆઈ, ૪૨૭ પોલીસ, ૩૪૫ હોમગાર્ડ જવાનો તથા બે કંપની એસઆરપી ગાંધીનગરમાં બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવશે.

## બે મહિલા અધિકારીઓના શિરે ચૂંટણીની જવાબદારી

ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં જિલ્લા કલેક્ટર કચેરીની બે મહિલા અધિકારીઓ સમગ્ર જવાબદારી સંભાળશે. જમીન સુધારણાના નાયબ કલેક્ટર શ્રીમતિ કવિતાબેન શેઠ અને જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિશા શર્મા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત થયા છે. વોર્ડ નં. ૧ થી ૪ના ચૂંટણી અધિકારી તરીકે શ્રીમતિ કવિતાબેન શેઠ અને વોર્ડ નં. ૫ થી ૮ના ચૂંટણી અધિકારી તરીકે સુશ્રી નિશા શર્મા જવાબદારી સંભાળશે. શ્રીમતિ કવિતાબેન શેઠ કલોલ ન.પા.ના અને સુશ્રી ગાંધીનગર તાલુકાના ચૂંટણી અધિકારી તરીકેની સફળ કામગીરી બજાવી ચુક્યા છે.

# શહેરમાં ૫૩ મતદાન મથકો સંવેદનશીલ

**વોર્ડ નં. ૨ અને ૫માં મતદાન મથકો સંવેદનશીલ વધારે છે : વોર્ડ નં. ૭-૮માં એક પણ મતદાન મથક સંવેદનશીલ નથી**

ગાંધીનગર, તા. ૧૪ ગાંધીનગર મહાનગરપાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં ૫૩ મતદાન મથકો સંવેદનશીલ છે જ્યારે ૧૪૮ મતદાન મથકો સામાન્ય છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે જણાવ્યુ હતુ કે સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો માટે બે તબક્કે તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવતી હોય છે. ચૂંટણી પૂર્વે અને ઉમેદવારો નિયત થઈ ગયા બાદ આ અંગે આખરી નિર્ણય લેવાતો હોય છે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરના ૨૦૨ મતદાન મથકો છે. વોર્ડ નં. ૧ના ૨૬માંથી ૪ મતદાન મથકો, વોર્ડ નં. ૨માં ૨૭માંથી ૨૧, વોર્ડ નં. ૩માં ૨૪માંથી ૩, વોર્ડ નં. ૪માં ૨૧માંથી ૪, વોર્ડ નં. ૫માં ૨૫માંથી ૧૬, વોર્ડ નં. ૬માં ૨૨માંથી ૫ મતદાન મથકો સંવેદનશીલ જણાયા છે.

વોર્ડ નં. ૨ અને વોર્ડ નં. ૫માં સ્લમ એરિયા, નદીપટના વિસ્તારો આવતા હોવાથી ત્યાં મતદાન મથકો વધુ સંવેદનશીલ જણાયા હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યુ હતુ કે સંવેદનશીલ મતદાન મથકો પર સઘન બંદોબસ્ત અને સઘન સર્વેલન્સ રાખવામાં આવે છે. જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતુ કે વોર્ડ નં. ૭ અને ૮માં એક પણ મતદાન મથક સંવેદનશીલ જણાયેલ નથી. તેમજ શહેરી વિસ્તારમાં એક પણ મતદાન મથક અતિસંવેદનશીલ મતદાન મથક જણાયુ નથી.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ માટે ચાંપતો બંદોબસ્ત મતદાનના દિવસે અને મતગણતરીના દિવસે રહેશે.

રિસીવીંગ અને ડિસ્પેચીંગ માટે વિનયન કોલેજના હોલની પંસદગી કરવામાં આવી છે.

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



ગાંધીનગરના વાંદરા-કૂતરા-મોર અને પોપટ જેમને અંગત રીતે ઓળખે છે એવા શ્રી જયેશભાઈ પ્રજાપતિ છેલ્લા સાત-આઠ વર્ષોથી દરરોજ વહેલી સવારે આમ પોતાની સાયકલ પર બે થેલા લટકાવીને નિકળી પડે છે. આ થેલામાં મોર-પોપટ માટે ચણ અને વાંદરા - કૂતરા માટે બિસ્કીટ હોય છે.. સરિતા ઉદ્યાન-નેચર પાર્કમાં જયેશભાઈ પ્રજાપતિની સાયકલ પાર્ક થાય એટલે વાંદરા ટોળે વળે....! મોર-પોપટ દોડતા આવે...! મહિને દા'ડે રૂ. ૧૦,૦૦૦નું ચણ અને બિસ્કીટ થાય છે. માર્ગ અને મકાન વિભાગમાં ક્લાર્ક તરીકે કામ કરતા જયેશભાઈને આ માટે હવે અન્ય સેવાભાવીઓનું દાન પણ મળવા માંડ્યું છે. મોસમ કોઈપણ હોય, જયેશભાઈની 'સેવાની સાયકલ' સરરરર. ચાલતી રહે છે... એક નાનું સેવાનું કામ પણ સાતત્યથી કેટલું સ્તુત્ય બની જાય છે...!!!!

# મનપાની ચૂંટણીમાં રાજ્યપાલશ્રી ઈ.વોટીંગથી મતદાન કરશે : કલેક્ટર

**પૂર્વ મુખ્ય સચિવ સુધીર માંકડ, પંચના પૂર્વ સચિવ પ્રકાશ શાહ, વર્તમાન સચિવ મહેશ જોશી, સાઈકિયા, મીણા સહિત ૭૦૦થી વધુ ઈ. વોટર્સ તરીકે રજીસ્ટર્ડ થયા છે; ગત ચૂંટણી કરતાં ઈ. મતદાતાઓની સંખ્યામાં વધારો થયો છે**

ગાંધીનગર, તા. ૧૪ રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી, રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને ગિફ્ટસીટીના ચેરમેન શ્રી સુધીર માંકડ, રાજ્ય ચૂંટણી પંચના પૂર્વ સચિવ શ્રી પ્રકાશ શાહ, વર્તમાન સચિવ શ્રી મહેશ જોશી, પોલીસ સેનાના શ્રી સાઈકિયા, સચિવ શ્રી સી.એલ. મીના સહિતના અધિકારીઓ મહાનગરપાલિકાના ચૂંટણી તંત્રમાં ઈ. વોટીંગથી મતદાન કરી લોકશાહીના મજબુતીકરણ માટે યોગદાન આપશે.

આગામી ૨૪મી એપ્રિલે યોજાનાર મહાનગરપાલિકાની ચૂંટણી માટે તંત્રએ કરેલી તૈયારીઓની જાણકારી આપતા જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે પત્રકાર પરિષદમાં આ વિગતો આપી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે આજે સાંજ સુધીમાં ૭૧૧ ઈ. વોટર્સનું રજીસ્ટ્રેશન થયુ છે. આ બધાનું વેરીફીકેશન બે દિવસમાં પૂર્ણ થઈ જશે. રજીસ્ટ્રેશન માટે ગુરૂવાર અંતિમ દિવસ છે. ૪૦૦થી વધુ મતદારોનું વેરીફીકેશન પૂર્ણ થઈ જવા પામ્યું છે.

ગત ચૂંટણી કરતાં આ ચૂંટણીમાં ઈ. વોટર્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો. ગઈ ચૂંટણીમાં ૬૭૦

● અનુસંધાન પાન-૭ પર




# મહાત્મા મંદિરને સેફ્ટી એવાર્ડ

**૨ કરોડ માનવ કલાકની સલામત કામગીરી : ન્યુ દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી બંડારૂ દત્તાત્રેયના હસ્તે માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર રજની સિધ્ધપુરા અને જતીન આઝાએ એવાર્ડ સ્વીકાર્યો**

ગાંધીનગર તા ૧૪ નગરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિર દાંડી કુટીરના પ્રોજેક્ટની કામગીરીને નવી દિલ્હી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સેફટી એવાર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટની કામગીરી દરમિયાન ૨ કરોડ માનવ કલાક કામગીરી કરવામાં આવી હતી જયારે આ દરમિયાન કોઈપણ પ્રકારનો અકસ્માત કે જાનહાની થવા પામી ન હતી. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ દ્વારા કેન્દ્રીય મંત્રી બંડારૂ દત્તાત્રેયના હસ્તે માર્ગ મકાન વિભાગના અધિકારીઓને આ સેફટી એવાર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ ન્યુ દિલ્હી દ્વારા મહાત્મા મંદિરના પ્રોજેકટને સેફટી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.મહાત્મા મંદિર દાંડી કુટીરના નિર્માણ માટે ૨ કરોડ માનવ કલાક કામગીરી ચાલી હતી. જયારે આ દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાની કે અકસ્માત




સર્જાયો ન હતો. વધુમાં એકપણ વખત ઈમરજન્સી સેવાની જરૂર પડી ન હતી. આ પ્રોજેકટની કામગીરી દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ માર્ગમકાન મંત્રી નીતિન પટેલ મુલાકાત લઈ સલામતીના પરિબળોની સતત કાળજી કરતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ પ્રોજેકટનુ લાકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

મહાત્મા મંદિરના પ્રોજેકટનુ કામ માર્ગ મકાન વિભાગ તેમજ મુંબઈની શાપુરજી પાલોનજી એજન્સી દ્વારા કરવામાં આવ્યુ છે. ગતા તા ૬ એપ્રિલના રોજ ન્યુ દિલ્હી ખાતે સ્થિત વિજ્ઞાન ભવન ખાતે કેન્દ્રીય મંત્રી બંડારૂ દત્તાત્રેયના હસ્તે માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર રજની સિધ્ધપુરા, નાયબ કાર્યપાલક ઈજનેર જતીન ઓઝા, તેમજ જિતેન્દ્ર પટણીને આ એવાર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ તબક્કે શાપુરજી પાલોનજી એજન્સીના સંજય કારખાનીશ તેમજ સ્થાનિક પ્રોજેકટ હેડ નિલેશ ભગત પણ હાજર રહયા હતા. દાંડી કુટીરમાં મહાત્મા ગાંધીજીના જીવનના પ્રસંગો આધારિત વર્લ્ડ કલાસ મ્યુઝિયમ બનાવાયુ છે. જેમાં અત્યંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ ઓડીયો વિઝયુઅલ થ્રી ડી ઈફેકટથી આવરી લેવાયુ છે. એકસાથે ૮૦૦ જેટલા મુલાકાતીઓ આ મ્યુઝિયમ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સેન્ટ્રલી એ સી મ્યુઝિયમ નિહાળવા માટે દેશ વિદેશમાંથી મુલાકાતીઓ આવે છે.




ખુશખબર... ખુશખબર...
**એનીટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન**
નવું નજરાણું... એ.ટી.એમ. ગીટારીસ્ટ ગ્રુપનું આયોજન
પાટનગરની કલારસિક ગીટાર લવર્સ ભાઈ-બહેનો અને પ્રજાજનોના મનોરંજન અર્થે સામુહિક સિમ્ફનીમાં જોડાવા હાર્દિક નિમંત્રણ
નોંધ : રસ ધરાવનાર ભાઈ-બહેનોએ પોતાની ગિટાર લાવવી ફરજીયાત છે. (શનિવાર-રવિવાર બે દિવસ)
સ્થળ : સેન્ટ્રલ વિસ્ટા, ઘ-૪ સર્કલની પાસે, ગાંધીનગર
તારીખ : ૧૬/૪/૨૦૧૬, સમય : રાત્રે ૮-૩૦ થી ૯-૩૦

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com